# ASEAN Regional Forum Senior Officials' Meeting

# ASEAN પ્રાંતિય ફોરમનાં વરિષ્ઠ અધિકારીઓની મીટિંગ

09 જૂન, 2022

1. સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમારે 9 જૂન 2022 નાં રોજ ASEAN પ્રાંતિય ફોરમની વરિષ્ઠ અધિકારીઓની મીટિંગ (ARF SOM) માં વર્ચ્યુઅલી ભાગ લીધો હતો.આ મીટિંગમાં ARF સભ્ય રાજ્યોનાં સીનિયર અધિકારીઓએ હાજરી આપી હતી અને ASEAN નાં અધ્યક્ષ તરીકે કમ્બોડિયા દ્વારા અધ્યક્ષતા કરવામાં આવી હતી.

2. આ મીટિંગમાં પાછલા વર્ષમાં ARF નાં 27 સભ્યોની પ્રવૃત્તિઓ અને આદાન-પ્રદાનોની સમીક્ષા કરવામાં આવી હતી અને તેનાં ભવિષ્યનાં આયોજનો અને પ્રવૃત્તિઓ પર મનોમંથન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ અધિકારીઓએ પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય વિકાસો, કોવિડ-19 મહામારી, આતંકવાદ, દરિયાઈ અને સાયબર સુરક્ષા પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

3. સચિવ (પૂર્વ) દ્વારા ASEAN ની આગેવાની ધરાવતા સ્થાપત્ય અને ખાસ કરીને પ્રાંતમાં શાંતિ, સુરક્ષા અને સહકાર માં ARF ની પ્રશંસા કરવામાં આવી હતી. દરિયાઈ વિષયમાં ઉભરી રહેલા પરંપરાગત અને બિન-પરંપરગત ખતરાઓની ઓળખ કરતા, તેઓએ ASEAN આઉટલૂક ફૉર ઈન્ડો-પેસિફિક (AOIP), ભારતની ઈન્ડો-પેસિફિક ઓશન્સ ઈનિશિએટિવ (IPOI) અને કેટલાક ARF દેશો દ્વારા જાહેર કરવામાં આવેલી ઈન્ડો-પેસિફિક નીતિઓ વચ્ચે સંપાત સાધવા પર ભાર મૂક્યો હતો. તેઓએ આતંકવાદ દ્વારા ઉભા થતા ખતરા અને સાયબર સુરક્ષાનાં પડકારો પર આપણા દ્રષ્ટિકોણોને પણ શેર કર્યા હતા.

4. વર્તમાન આંતર-સત્રગત વર્ષમાં, ઓસ્ટ્રેલિયા, ભારત અને ઈન્ડોનેશિયાએ 7-8 ડીસેમ્બર, 2021 નાં રોજ "સમુદ્ર અને માછિમારીનો કાયદો" પર ARF વર્કશોપની સહ-અધ્યક્ષતા કરી હતી. ભારત, યુ.એસ. અને ઈન્ડોનેશિયાએ 12 મે, 2022 નાં રોજ દરિયાઈ સુરક્ષા પર 13મી ARF આંતર-સત્રગત મીટિંગની સહ-અધ્યક્ષતા કરી હતી, ભારત આગામી આંતર-સત્રગત વર્ષમાં ARF પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓમાં યોગદાન આપવાનું ચાલું રાખવાની ઝંખના રાખે છે.

**નવી દિલ્હી**
**09 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.